મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ : સવારે ૮૦ ટકા ● સાંજે ૪૮ ટકા
વરસાદ ૨૪.૫ મી.મી.
ગાંધીનગર તાપમાન

સરગાસણમાં બે મકાનોના તાળા તુટયા

દાગીના તથા રોકડ મળી દોઢ લાખની મત્તાનો તસ્કરોએ હાથફેરો કર્યો

ગાંધીનગર, તા.૨૪

શહેરમાં ઘરફોડ ચોરીઓ મામલે માંડ શાંતિ થઈ છે ત્યારે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં કુડાસણ, સરગાસણ, રાંદેસણ અને રાયસણ વિસ્તારને તસ્કર ટોળકીએ ટાર્ગેટ બનાવી દીધું છે. એક તરફ પોલિસ આ વિસ્તારની ઘરફોડ ચોરી અટકાવવા એકશન પ્લાન બનાવી તેને અમલી કરે છે અને બીજી તરફ બંદોબસ્ત સ્કીમો બનાવવાનું શરુ કરી દેવું પડે છે. પેટ્રોલીંગ માટે મુકાયેલી પોલિસને વીઆઈપી બંદોબસ્તમાં તૈનાત કરી દેવાઈ છે આનો મોટો લાભ તસ્કર ટોળકી મેળવી રહી છે. ગઈ રાત્રિ દરમિયાન સરગાસણ ખાતેની અક્ષત આઈકોન સોસાયટીમાં તસ્કરોએ બે મકાનના તાળા તોડી દોઢ લાખની મત્તાનો હાથફેરો કર્યો હતો. આ મામલે ઈન્ફોસીટી પોલિસે ગુનો દાખલ કરીને ડૉગ સ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ એક્ષપર્ટને બોલાવીને તસ્કરો સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

દહેગામના વાસણા ચૌધરી ખાતે રહેતા જગદીશકુમાર નવીનચંદ્ર ત્રિવેદીએ ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનમાં સરગાસણ ખાતે અક્ષત આઈકોન સોસાયટીમાં રહેતા તેમના કાકાના બંધ મકાનમાં અને બાજુના મકાનમાં થયેલી ઘરફોડ ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે. જગદીશકુમારની ફરિયાદ મુજબ ગઈ કાલે રાત્રે દશ વાગ્યાથી આજે સવારે સાત વાગ્યાના સમયગાળા દરમિયાન તેમના કાકાના બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો સોનાની ચાર બંગડીઓ (છ તોલા), પાંચ નગ ચાંદીના સિક્કા તથા રોકડ રૂ. ૧૦,૬૦૦ ની ઉઠાંતરી કરી ગયા હતા. આ ઉપરાંત પડોશીના બંધ મકાનમાં પણ તસ્કર ટોળકીએ હાથફેરો કર્યો હતો. પડોશીના મકાનનું તાળુ તોડી તસ્કરો સોનાની બુટ્ટી, સેર તથા રૂ. ૫ હજાર રોકડ રકમ ચોરી ગયા હતા. રાત્રિ દરમિયાન ત્રાટકેલા તસ્કરો બે બંધ મકાનના તાળા તોડી અંદરથી રોકડ તથા દાગીના મળી કુલ રૂ. ૧,૫૫,૬૦૦ની મત્તાની ઘરફોડ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જગદીશકુમારની ફરિયાદને આધારે ઈન્ફોસીટી પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી પીએસઆઈ આર.એન. વાઘેલાએ વધુ તપાસ આરંભી છે.

@ગાંધીનગર

● ગાંધીનગર શહેરમાં સવારે ૭ કલાકે રથયાત્રા પ્રસ્થાન થશે.

● રામજી મંદિર રથયાત્રા યુવક મંડળ દ્વારા પેથાપુરમાં બપોરે ૧ કલાકે રથયાત્રા પ્રસ્થાન થશે.

● શિવધારા ફાઉન્ડેશન દ્વારા નમો નચાવે અને કોણ બચાવે નાટક રાત્રે ૯ કલાકે ટાઉનહોલ ખાતે યોજાશે.

● એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિસરાતા સૂર કાર્યક્રમ સવારે ૮ કલાકે મેડીકલ કોલેજ ઓડિટોરીયમ સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ શાખાની ૨૦૧૭-૧૯ હોદ્દેદારો નિમણુંક કરવા માટેની મીટીંગ સાંજે ૭ કલાકે બ્લોક નં. ૧૧૫/૧, છ ટાઈપ ખાતે મળશે.

● દાદા ભગવાન ફાઉન્ડેશન દ્વારા આપ્તપુત્ર સત્સંગ આંબેડકર હોલ, સે-૧૨ ખાતે સવારે ૯.૩૦ થી ૧.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની સામાન્ય સભા સાંજે ૫.૩૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજો માળ ૧૭/૨૨ બસ સ્ટેન્ડ ખાતે મળશે.

સે-૧૬ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો

બાળકોને શૈક્ષણિક કીટ તથા પ્રોત્સાહક ઈનામો અપાયા : શાળા સંકુલમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યુ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૧૬માં સરકારી પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી ઉત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે અર્બન હાઉસિંગ ડેવલપમેન્ટ બોર્ડના અન્ડર સેક્રેટરી એસ.બી. પોપટાણી, જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી, લાયઝન અધિકારી સ્મિતાબેન જાની, સ્થાનિક કોર્પોરેટર રમીલાબેન વાઘેલા, સામાજીક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, વેપારી મંડળ પ્રતિનિધિ અનિલભાઈ પરમાર, સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા તથા શાળા સંચાલન સમિતિના સભ્યો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શાળા પ્રવેશોત્સવમાં બાળકોની શૈક્ષણિક કીટ તથા કંકુતિલકથી પ્રવેશવિધિ સંપન્ન કરાઈ હતી. આ પ્રસંગે સે-૬ના વેપારી મંડળના જયેન્દ્રભાઈ તથા તેમની ટીમ દ્વારા ધો-૩થી ૮ના બાળકોને પ્રોત્સાહક ઈનામો તથા ધો-૨ થી ૫ના બાળકોને લંચબોકસનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. તથા ધો-૨ થી ધો-૭ના બાળકોનું મુલ્યાંકન કરાયું હતું. કાર્યક્રમના અંતમાં આચાર્ય અરૂણભાઈ પટેલે આભારદર્શન વ્યકત કર્યું હતું.

મધુર ડેરી દ્વારા ગ્રાહકોને ઈકો ફ્રેન્ડલી બેગ અપાશે

ગાંધીનગર, તા.૨૪

અષાઢી બીજના પવિત્ર દિવસે ગાંધીનગર જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લિ.(મધુર ડેરી) ના ૪૬માં વર્ષની ઉજવણીના ભાગરુપે "ગુણવત્તાયુકત ગાંધીનગર"ના સંકલ્પ સાથે ગુજરાત સરકારના મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનની પરિકલ્પના સાકાર કરવા જઈ રહ્યું છે. સ્વસ્થ પરિવાર... સ્વસ્થ બાળક.. સ્વસ્થ વિદ્યાર્થીના સુત્ર સાથે ગાંધીનગરના તમામ બાળકો, યુવાનો, અને મધુરના માનવંતા ગ્રાહકોને આ સંકલ્પના સહભાગી બનાવવામાં આવશે. આ અભિયાનને અનુલક્ષી જુન થી ડિસેમ્બર ૨૦૧૭ દરમિયાન મધુર ડેરી દ્વારા ગાંધીનગરની શાળાઓ,

મધુર ડેરીના સાડાચાર દાયકાની ઉજવણીના ભાગરૂપે ગુણવતાયુક્ત ગાંધીનગરનો સંકલ્પ

કોલેજો, અને સંસ્થાઓ સાથે મળીને ગુણવત્તા યુકત ગાંધીનગર વિષયને અનુલક્ષીને વિદ્યાર્થીઓ, યુવાનો અને ગ્રાહકો સાથે વાતચીત કરીને સંપર્ક કરવાના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

આ સંકલ્પના ભાગરૂપે મદુર પાર્લર ઉપર પ્લાસ્ટીકની બેગને બદલે હવે ઈકો ફ્રેન્ડલી બેગનો વપરાશ વધે તેવા ઉમદા હેતુથી આ સ્કીમ બહાર પાડવામાં આવી છે. સરકારના સ્વચ્છતા મિશનના ભાગરુપે શહેરમાં આવેલા તમામ પાર્લર અને મધુર કાર્યક્ષેત્રના સ્થાને સ્વચ્છતા જળવાઈ રહે તે માટે આ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ આર.રાણાએ રથયાત્રા નિમિતે આરંભ કરાયેલ આ અભિયાનમાં સર્વ શાળા, કોલેજો તેમજ સ્વચ્છતા, ગુણવતા સાથે કાર્યરત તમામ સંસ્થાઓના સંચાલકો અને ગાંધીનગરની જાહેર જનતાને આ અવિરત યાત્રામાં જોડાવા અનુરોધ કર્યો છે. તેમજ ગુણવતાયુકત ગાંધીનગર અંગે સુચનો અને માર્ગદર્શન માટે મધુર ડેરીનો સંપર્ક કરવા પણ જણાવ્યું છે.

પેથાપુર કસ્બામાં દરોડો પાડી પોલિસે બિયરનો જથ્થો પકડયો

ગાંધીનગર, તા.૨૪

પેથાપુર પોલિસને ગઈ કાલે બપોરે બાતમી મળી હતી કે પેથાપુર કસ્બામાં રહેતો ઈમ્તીયાઝ ઉર્ફે બચ્ચન રહીમખાન પઠાણ દારૂ-બિયરનો વેપલો કરે છે તેને આધારે ટીમે તેના મકાનમાં દરોડો પાડયો હતો. આરોપી ઈમ્તીયાઝ ઘરે મળી આવ્યો ન હતો પરંતુ મકાનમાં તપાસ કરતાં અંદરથી ૪૮ નંગ બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. પેથાપુર પોલીસે બિયરનો જથ્થો જપ્ત કરી આરોપીની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

દહેગામથી આઈવા ટ્રકની ચોરી કરનાર ગેંગના બે સાગરીત પકડાયા

ગાંધીનગર, તા.૨૪

દહેગામ રોડ પરથી એકાદ માસ પહેલા આઈવા ટ્રકની ચોરી થઈ

જવા પામી હતી. ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિતની સુચનાથી તેમની ટીમ દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે ઉપરોકત આઈવા ટ્રક ચોરી કરનાર ગેંગના બે સાગરીત નહેરુ ચોકડી પાસે પલ્સર પર ઉભા હોવાની બાતમી એલસીબીના કોન્સ્ટેબલ હરેન્દ્રસિંહને મળતા ટીમ ત્યાં પહોંચી ગઈ હતી. ટીમે જીજે ૨૭ એ.જી. ૫૫૩૭ નંબરના પલ્સર સાથે દાણી લીમડાના શોએબ સહીદ અહેમદ સૈયદ અને સરખેજના લાલા ઉર્ફે સલીમ હસુ અજમેરીને પકડી પાડયા હતા. બંનેની પુછપરછ કરતા તેના મિત્ર માણસા ચરાડાના જયેશ નાથુ ચૌધરી અને જમાલપુરાના તનવીર પઠાણ સાથે મળીને આ આઈવા ટ્રકની ઉઠાંતરી કરી હોવાની કબુલાત કરી છે. સલીમ અજમેરી ટ્રક ચોરીને લીમખેડા ચાર રસ્તા પાસે મુકીને પાછો આવી ગયો હતો અને શોએબ સૈયદે આ ટ્રકનો જમાલપુર ખાતે રહેતા હારૂન કુરેશી સાથે રૂ.૧.૬૦ લાખમાં સોદો કરી નાંખ્યો હતો. બંને શખ્સની ધરપકડ કરી દહેગામ પોલિસને સોંપતા દહેગામ પોલિસે વધુ તપાસ શરુ કરી છે.

વાતવાતમાં

● આગામી તા. ૩૦મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરીથી ગાંધીનગર ખાતે ટેક્ષટાઈલ ૨૦૧૭ કાર્યક્રમમાં આવવાના હોઈ દિલ્હીથી એસ.પી.જી. કમાન્ડોની ટીમ સુરક્ષા વ્યવસ્થાના નિરીક્ષણ માટે પધારી હતી. આ ટીમે સમગ્ર રૂટનું નિરીક્ષણ કરી પોલિસ, ફાયર તથા સિવિલ હોસ્પિટલ સહિતની તમામ ઈમર્જન્સી સેવાઓને જરુરી સુચનો કર્યા હતા.

● શનિ-રવિ-સોમની સળંગ ત્રણ સરકારી રજાઓનો પ્રારંભ થતા શહેરમાં સચિવાલય સહિત તમામ સંકુલોમાં સુનકાર વ્યાપી ગયો હતો. સળંગ ત્રણ રજાઓના પગલે અનેક નાગિરકો પરિવાર સહિત આ મીની વેકેશનને માણવા વિવિધ સ્થળે જવા રવાના થયા છે.

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિની સાધારણ સભા મળશે

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા દર વર્ષે ગણેશોત્સવ યોજાય છે ત્યારે આ વર્ષે ૪૮મો ગણેશોત્સવ સેકટર-૨૨ રંગમંચ ખાતે યોજાશે. સાથે સાધારણ સભા ૨૬-૬-૧૭ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સર્કીટ હાઉસ ગાંધીનગર ખાતે મળશે. આ સભામાં સમિતિના હોદ્દેદારો અને કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે તા. ૨૫-૮-૧૭ થી ૩૧-૮-૧૭ સુધી ગણેશોત્સવ સેકટર-૨૨ રંગમંચ ખાતે યોજાશે તેમજ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિની સાધારણ સભા મળશે. જેમાં ૨૦૧૬-૧૭ના હિસાબોને બહાલી આપવાની તેમજ ૨૦૧૭-૧૮ના વર્ષ માટે હોદ્દેદારો અને કાર્યકર્તાઓની વરણી કરવા માટે સાધારણ સભા તા. ૨૬-૬-૧૭ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સર્કીટ હાઉસ ગાંધીનગર ખાતે મળશે. આ સભામાં ધર્મપ્રેમી નગરજનો તેમજ સમિતિના હોદ્દેદારો કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા સમિતિના પ્રમુખ નિશીત વ્યાસે જણાવ્યું છે.

આઈ લવ માય ગાંધીનગર

મનિષા ખત્રી
સંચાલક, વૃંદા ફ્રેસીસ

ગાંધીનગર ગમે

મન હરી લેતી સુંદરતા અને મન જીતી લેતાં લોકોને કારણે આ શહેર ખૂબ ગમે છે.

નગરજનો

જેમની સાથે રહેવાનું ને સંબંધો નિભાવવાનું ગમે એવાં સહૃદયી નગરજનો આ નગરમાં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

અનેકવિધ સંસ્થાઓ ને વ્યક્તિઓ નગરમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે.

આવકાર એજ્યુકેશન ટ્રસ્ટ, પ્રેરણા વિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ, રેડક્રોસ, સાહિત્ય સભા, જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી વાકેફ છું અને પ્રભાવિત પણ છું.

નગરને બહેતર બનાવવા

સ્વચ્છતા અને પ્રત્યેક વ્યક્તિને નગર માટે કંઈક કરી છૂટવાની ભાવના જાગે એવા વાતાવરણનું નિર્માણ કરવાની આવશ્યકતા છે.

નગર માટે હું કરી શકું

વ્યક્તિ વિકાસના ઉપક્રમો માટે મારી સહાય આપવા હું તૈયાર છું.

સોમવારે પુષ્ય નક્ષત્ર નિમિત્તે વિના મૂલ્યે સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવાનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાના તમામ સરકારી તથા જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં તા. ૨૬મી જુને સોમવાર પુષ્ય નક્ષત્ર નિમિત્તે વિના મુલ્યે 'સુવર્ણ પ્રાશન'ના ટીંપા બાળકોને પીવડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. સુવર્ણ પ્રાશન પીવડાવવાનો સમય સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક સુધીનો નિર્ધારિત કરવામાં આવ્યો છે.

ભારતીય શાસ્ત્રો અનુસાર પુષ્ય નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી બળવાન ગણાય છે અને આ નક્ષત્રમાં સુવર્ણ પ્રાશનના ટીંપા બાળકોને પીવડાવવામાં આવે તે ફળદાયી સાબિત થાય છે. તેના કારણે બાળકનો માનસિક તથા શારિરીક વિકાસ ઝડપી બને છે અને રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય છે. ગાંધીનગર ખાતેના ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમિનીસ્ટ્રેટર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વસુધૈવ કુટુંમ્બકમ્ સંસ્થાએ 'ડૉ. દવે સ્વર્ણાવૃત સીરપ' નામથી વિના મૂલ્યે પુરું પાડવામાં આવ્યું છે. જેને તા. ૨૬મી જુને સોમવારે સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન જિલ્લાના તમામ સરકારી આયુર્વેદ તથા હોમિયોપેથી દવાખાનાઓમાં બાળકોને પીવડાવવામાં આવશે.

પ્રાંતિયા પાસે બેફામ સ્પીડે રોંગ સાઈડ આવતી કારની અડફેટે બાઈકચાલકનું મૃત્યુ

જુહાપુરાથી આવતા દંપતીના બાઈકને વેગનઆર કારે ટકકર મારી : પતિનું મૃત્યુ, પત્નિ ગંભીર

ગાંધીનગર, તા.૨૪

અમદાવાદ જુહાપુરા ખાતે રહેતા ૩૨ વર્ષીય ઈરફાનખાન

યાકુબખાન ગોરી તેના પત્નિ મેઝબીનબાનુને લઈને પોતાનું પલ્સર બાઈક નં. જીજે ૧ પીજી ૪૨૨૪ પર નરોડા-ચિલોડા હાઈવે પરથી સવારે પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન રોંગ સાઈડમાં બેફામ ગતિએ આવતી જીજે ૧ કે.એલ. ૨૦૮૮ નંબરની વેગનઆર ગાડીના ચાલકે પલ્સરને જબરદસ્ત ટકકર મારતા પ્રાંતિયા પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ વેગનઆર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં બાઈકચાલક ઈરફાનખાનનું ઘટનાસ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. જયારે બાઈક સવાર તેની પત્નિને ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલાઈઝડ કરવામાં આવી છે. અકસ્માત બાદ કાર ચાલક કાર સ્થળ પર જ મુકીને ફરાર થઈ ગયો હતો. ડભોડા પોલીસને ઘટનાની જાણ થતાં મૃતદેહ પી.એમ. કરાવી મૃતકના ભાઈ ઈમરાનખાનની ફરિયાદને આધારે વેગનઆર કારના ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

બ્રહ્માકુમારીઝના પ્રથમ મહિલા પ્રશાસક માતેશ્વરી જગદંબા સરસ્વતીજી - 'મમ્મા"નો બાવનમો સ્મૃતિ દિવસ

ગાંધીનગર, તા.૨૪

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના પ્રથમ પ્રશાસક માતેશ્વરી જગદંબા સરસ્વતીજી (મમ્મા) એ ૨૪ જૂન ૧૯૬૫ના રોજ પાર્થિવ દેહ ત્યાગ કરેલ. જેની યાદગાર રૂપે વિશ્વના ૧૪૦ દેશોમાં આવેલ વિદ્યાલયના

૮,૫૦૦ સેવા કેન્દ્રો દ્વારા આજે માતેશ્વરી જગદંબા સરસ્વતીજી-'મમ્મા" ના બાવનમા સ્મૃતિ દિવસે વિશેષ આધ્યાત્મિક ભઠ્ઠીમાં રહી ગહન તપસ્યા કરવામાં આવે છે. માતેશ્વરીજીના ઉમદા ચરિત્રોને સ્મૃતિપટલ પર લાવી તેમના ગુણો, શકિતઓ અને જીવનને અપનાવવાનો પુરુષાર્થ કરવામાં આવે છે.

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં સેકટર-૨૮ ખાતે આવેલ શિવશકિત ભવનના 'પીસપાર્ક'ના હોલમાં પણ ૨૪ જૂનની સવારે માતેશ્વરી જગદંબા સરસ્વતીજી-'મમ્મા"ના બાવનમા સ્મૃતિ દિવસ નિમિત્તે યોગ, ભોગ અને વિશેષ કલાસ રાખવામાં આવેલ. કલાસ માટે વિદ્યાલયના વૈશ્વિક મુખ્યાલય માઉન્ટ આબુથી બ્રહ્માકુમારીઝના આંતરરાષ્ટ્રીય સ્પીકર, સિનિયર રાજયોગા ટીચર, 'ગીતા', 'રામાયણ' અને મહાભારત' પર ગહન આધ્યાત્મિક સ્પષ્ટીકરણ કરનાર અને કોર્પોરેટ તથા સરકારી ક્ષેત્રે સેલ્ફ મેનેજમેન્ટ લીડરશીપ, માઈન્ડ મેનેજમેન્ટ, સ્ટ્રેસ ફ્રી મેનેજમેન્ટ, સ્લીપ મેનેજમેન્ટ, એન્ગર મેનેજમેન્ટ, આર્ટ ઓફ પોઝીટીવ થીંકીગ જેવા વિવિધ કરન્ટ વિષયો પર ઓડિઓ વિઝયુઅલ ટ્રેનિંગ આપનાર રાજયોગિની બી.કે. ઉષાદીદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે તાજેતરમાં જ્ઞાનસરોવર માઉન્ટ આબુ ખાતે "આધ્યાત્મિકતા દ્વારા કલાકારોનું સશકિતકરણ" વિષય પર આયોજિત આર્ટ એન્ડ કલ્ચર વીંગના આયોજિત રાષ્ટ્રીય સમ્મેલનમાં હાજરી આપનાર ગાંધીનગરના પાંચ કલાકારો પૈકી ભ્રાતા કશ્યપભાઈ નિમાવત અને કુમારી મયુરી હર્ષાબા ધાંધલ તથા કોર્પોરેટર શ્રીમતી હર્ષાબા ધાંધલ પણ હાજર રહ્યા હતા. કશ્યપભાઈએ સમ્મેલનના અનુભવો રજુ કર્યા હતા જ્યારે કુમારી મયુરીએ 'સત્યમ શિવમ સુંદરમ' ગીત પર નૃત્ય રજુ કર્યું હતું.

યોગ દિવસે સમગ્ર ગાંધીનગર યોગમય બનયું હતું. પાટનગર ગાંધીનગર ખાતેના નવા સચિવાલયના બ્લોક નં. ૫ને લોખંડી સુરક્ષા પુરી પાડતા ગુજરાત ઈન્ડસ્ટ્રીય સિકયુરિટી ફોર્સ સોસાયટીના જવાનો દ્વારા આ દિવસે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જવાનોને વિવિધ યોગ-આસનો કરાવાયા હતા અને યોગના મહત્વને સમજાવવામાં આવ્યું હતું. યોગ શિબિર બાદ સંસ્થામાંથી વય નિવૃત્ત થઈ રહેલા સલામતી શાખાના કર્મચારીઓનો વિદાય સમારંભ નાયબ જિલ્લા પોલિસ અધિક્ષક એમ.જે. સોલંકીની હાજરીમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં સલામતી અધિકારી દિલીપસિંહ પરમારે જવાનોની કામગીરીની પ્રસંશા કરી હતી. કાર્યક્રમમાં એસઓ પી.ડી. રાવલ તથા અન્ય સુપરવાઈઝરો અને કર્મચારીગણ ઉપસ્થિત રહ્યો હતો.

આજે ઉગમણા સત્તાવીસ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટની સામાન્ય સભા

ગાંધીનગર, તા.૨૪

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટની વર્ષ ૧૬-૧૭ના સાતમા વર્ષનો વહીવટી અને હિસાબી અહેવાલ તથા અન્ય કામ લેવા અંગે સામાન્યસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સામાન્ય સભા તા. ૨૫મી જુન, રવિવારના રોજ બપોરે ૧.૩૦ કલાકે સે-૧૨ના ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે. સામાન્ય સભામાં ઉપસ્થિત રહેવા સંસ્થાના તમામ આજીવન સભ્ય ભાઈ-બહેનો તથા ગામના આગેવાનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

ચિરવિદાય

- સ્વ. હિતેન્દ્રસિંહ અમરસિંહ રાણા, ઉ.વ. ૫૫
- સ્વ. મંગુબેન ભોળાભાઈ પટેલ, ઉ.વ. ૭૨
- સ્વ. જયોત્સનાબેન નરેન્દ્રભાઈ પરમાર, ઉ.વ. ૩૫
- સ્વ. અંબાલાલ જોઈતારામ પ્રજાપતિ, ઉ.વ. ૭૫